Ontario

# કોવિડ-19 સ્કૂલ અને બાળ સંભાળ કેન્દ્ર સ્ક્રીનિંગ

આવૃત્તિ 5: મે 31, 2021

**વિદ્યાર્થીઓ અને બાળકોએ સ્કૂલ અથવા બાળ સંભાળ કેન્દ્રમાં જતા પહેલા દરરોજ કોવિડ-19 માટે સ્ક્રીનિંગ કરાવવું ફરજિયાત છે. માતા-પિતા/વાલીઓ બાળક વતી આ ભરી શકે છે.**

તારીખ (માસ-દિવસ-વર્ષ) _______________

## સ્ક્રીનિંગ પ્રશ્નો

1. **છેલ્લા 14 દિવસોમાં, શું વિદ્યાર્થીએ/બાળકે કેનેડાની બહાર મુસાફરી કરી છે?** ☐ હા ☐ ના
   *જો ફેડરલ ક્વૉરન્ટાઇનની શરતોમાંથી મુક્ત હોય, તો "ના"ની પસંદગી કરો.*

2. **શું કોઈ ડૉક્ટર, આરોગ્ય સંભાળ પ્રદાતા અથવા જાહેર આરોગ્ય એકમ તમને કહ્યું છે કે વિદ્યાર્થીએ/બાળકે અત્યારે આઈસોલેશનમાં રહેવું (ઘરે રહેવાનું) જોઈએ?** ☐ હા ☐ ના
   *આ આઉટબ્રેક (રોગચાળો ફાટી નીકળે) અથવા કૉન્ટેક્ટ (સંપર્ક) ટ્રેસિંગને કારણે હોઈ શકે છે.*

3. **છેલ્લા 14 દિવસોમાં, શું વિદ્યાર્થીની/બાળકની તાજેતરમાં કોવિડ-19 થયો હોય તેવી વ્યક્તિના "નજીકના સંપર્ક"માં હોય તે પ્રકારની ઓળખ કરવામાં આવી છે?** ☐ હા ☐ ના

4. **છેલ્લા 14 દિવસોમાં, શું તે વિદ્યાર્થીએ/બાળકે તેના સેલ ફોન પર કોવિડ એલર્ટ એક્સપોઝરનું નોટિફિકેશન મેળવેલું છે?** ☐ હા ☐ ના
   *જો તે ટેસ્ટ (પરીક્ષણ) માટે ગયા હોય અને તેમને નેગેટિવ પરિણામ મળ્યું હોય, તો "ના"ની પસંદગી કરો.*

5. **શું એ વિદ્યાર્થી/બાળક અત્યારે આમાંના કોઈ પણ લક્ષણોનો અનુભવ કરે છે?**
   *કોઈ પણ/બધા જે નવા છે, વધુ બગડી રહ્યા હોય અને બીજા જાણકારીમાં હોય તેવા કારણો અથવા તેમને પહેલાંથી રહેલી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય, તેમની પસંદગી કરો.*

| | | |
|---|---|---|
| **તાવ અને/અથવા ઠંડી લાગવી**<br>તાપમાન 37.8 ડિગ્રી સેલ્સિયસ/100 ડિગ્રી ફેરનહાઇટ અથવા તેનાથી વધુ | ☐ હા | ☐ ના |
| **ઉધરસ અથવા મોટા અવાજવાળી ઉધરસ (શ્વાસનળીના સોજા અને તીવ્ર ખાંસીવાળો બાળકોનો એક રોગ - ક્રૂપ)**<br>સતત, સામાન્યથી વધારે, શ્વાસ લેતી વખતે સીટી વગાડવાનો અવાજ (જેનો અસ્થમા, ચેપ પછીના પ્રતિક્રિયાશીલ વાયુમાર્ગ અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય) | ☐ હા | ☐ ના |
| **શ્વાસ પૂરતો ન આપવો (હાંફ ચડવો)**<br>શ્વાસ લેવાય નહીં, ઊંડો શ્વાસ લઈ ન શકાય (જેનો અસ્થમા અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય) | ☐ હા | ☐ ના |
| **સ્વાદની કે સૂંઘવાની શક્તિ ઓછી થવી કે ચાલી જવી**<br>જેને સંબંધ મોસમની એલર્જીઓ, જ્ઞાનતંતુની વિકૃતિઓ (ન્યુરોલોજિકલ ડિસઑર્ડર), અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય | ☐ હા | ☐ ના |
| **ગળું આળું થયું અથવા ગળે ઉતારવામાં તકલીફ**<br>ગળે ઉતારવામાં પીડા (જેનો મોસમીની એલર્જીઓ, ઍસિડ રિફ્લક્સ અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય) | ☐ હા | ☐ ના |
| **પાણી નીકળતું હોય અથવા ફુગાઈ ગયેલું/ભરાયેલું નાક**<br>જેનો મોસમની એલર્જીઓ, ઠંડા હવામાનમાં બહાર રહેવાથી અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય | ☐ હા | ☐ ના |

| | | |
|---|---|---|
| **માથાનો દુઃખાવો (શિરદર્દ)**<br>અસામાન્ય, લાંબા સમય સુધી ચાલનાર (જેનો ઉશ્કેરાટ પ્રકારના શિરદર્દ, ક્રોનિક માઇગ્રેન અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય)<br>**જો વિદ્યાર્થીએ/બાળકે છેલ્લા 48 કલાકમાં કોવિડ-19 રસીકરણ મેળવ્યું હોય અને તે હળવો માથાનો દુઃખાવો અનુભવી રહ્યા હોય જે રસીકરણ પછી જ શરૂ થયો હોય, તો "ના"ની પસંદગી કરો.** | ☐ હા | ☐ ના |
| **ઉબકા આવવા, ઊલટીઓ થવી અને/અથવા ડાયરિઆ (ઝાડા)**<br>જેનો ઇરિટેબલ બોવેલ સિન્ડ્રોમ, ચિંતા, માસિક ધર્મ (રક્તસ્રાવ)માં પીડા અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય | ☐ હા | ☐ ના |
| **ખૂબ જ વધારે પડતો થાક અથવા સ્નાયુઓમાં પીડા**<br>અસામાન્ય, થાક, ઊર્જાનો અભાવ, નાના શિશુઓમાં ખૂબ જ ઓછું ખાવાનું (જેનો ઉદાસી, અનિદ્રા, થાઇરોઇડની નબળી કામગીરી (ડિસફંક્શન), અચાનક થતી ઇજા અથવા પહેલાંથી જાણકારીમાં હોય તેવા અન્ય કારણો કે તેમને પહેલાંથી હોય એવી પરિસ્થિતિઓ સાથે સંબંધિત ન હોય)<br>**જો વિદ્યાર્થીએ/બાળકે છેલ્લા 48 કલાકમાં કોવિડ-19 રસીકરણ મેળવ્યું હોય અને તેને હળવો થાક લાગે અને/અથવા સ્નાયુઓમાં હળવી પીડા/સાંધાનોમાં હળવી પીડા અનુભવી રહ્યો હોય જે બધું રસીકરણ પછી જ શરૂ થયું હોય, તો "ના"ની પસંદગી કરો.** | ☐ હા | ☐ ના |

| | | |
|---|---|---|
| **6. વિદ્યાર્થી/બાળક જે અત્યારે જેની સાથે રહે છે, તે વ્યક્તિ કોવિડ-19ના કોઈ પણ નવા લક્ષણો અનુભવી રહ્યા છે અને/અથવા લક્ષણોનો અનુભવ કર્યા પછી પરીક્ષણના પરિણામોની રાહ જુએ છે?**<br>લક્ષણો અનુભવનાર જે વ્યક્તિએ છેલ્લા 48 કલાકમાં કોવિડ-19 રસીકરણ મેળવ્યું હોય અને જેને હળવો માથાનો દુઃખાવો, થાક, સ્નાયુઓમાં પીડા અને/અથવા સાંધાઓમાં પીડા હોય જે બધું રસીકરણ પછી જ શરૂ થયા હોય, તો "ના"ની પસંદગી કરો. | ☐ હા | ☐ ના |

## સ્ક્રીનિંગ સવાલોના પરિણામો

**! જો તમે સવાલ 1 અથવા 3 માટે "હા"નો જવાબ આપ્યો હોય, તો સ્કૂલ અથવા બાળ સંભાળ કેન્દ્રમાં જશો નહીં.**

- વિદ્યાર્થીએ/બાળકે 14 દિવસો સુધી સેલ્ફ આઇસોલેટ કરવું જ પડશે (ઘરે જ રહેવું પડશે) અને ટેસ્ટ કરાવવા અથવા તબીબી કટોકટી સિવાય બહાર નીકળવું જોઈએ નહીં.
- જો તમે **સવાલ 1 માટે "હા"નો** જવાબ આપ્યો હોય, તો પબ્લિક હેલ્થની સલાહ મુજબ કરશો. જો તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ પરવાનગી આપે તો જ વિદ્યાર્થી/બાળક સ્કૂલ/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા ફરી શકે છે.
- જો તમે **સવાલ 3 માટે "હા"**નો જવાબ આપ્યો હોય, તો ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરો જેથી તમને સલાહ અથવા મૂલ્યાંકન મળે, જેમાં કોવિડ-19 ટેસ્ટની જરૂરિયાત છે કે નહીં તેનો પણ સમાવેશ થાય છે. વિદ્યાર્થી/બાળક ફક્ત 14 દિવસો પછી જ સ્કૂલ/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા ફરી શકે છે, ભલે તેમને ટેસ્ટમાં નેગેટિવ પરિણામ મળે.
  - જો તમે પ્રાંતના ચોક્કસ વિસ્તારોમાં રહેતા હો, જેમ કે, ટોરોન્ટો (Toronto) અથવા પીલ (Peel) તો, ભાઈ-બહેનો તથા બીજા લોકો જે તમારા પરિવારમાં છે, તેમણે 14 દિવસો સુધી ઘરમાં જ રહેવું પડશે. આ સ્થાનિક જોખમ પરિબળોને કારણે છે.
  - જો તમે ઑન્ટેરિયોના બીજા વિસ્તારોમાં રહેતા હો, તો ભાઈ-બહેનો અને તમારા પરિવારના બીજા લોકો સ્કૂલ, બાળ સંભાળ કેન્દ્ર અથવા કામ પર જઈ શકે છે, પરંતુ બીજા કોઈ બિન-જરૂરી કારણોસર ઘરની બહાર જઈ શકશે નહીં. વધુ માહિતી માટે તમારી સ્કૂલ/બાળકની સંભાળને પૂછો.
- જો તેમનામાં લક્ષણો વિકસિત થાય અથવા તેમનો ટેસ્ટ પોઝિટિવ આવે તો, તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી સ્કૂલ/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**! જો તમે સવાલ 2 માટે "હા" જવાબ આપ્યો હોય તો, સ્કૂલ અથવા બાળ સંભાળ કેન્દ્રમાં જશો નહીં.**

- વિદ્યાર્થી/બાળકે સેલ્ફ-આઇસોલેટ કરવું જ (ઘરમાં જ રહેવું) પડશે અને ફક્ત તબીબી કટોકટી માટે જ બહાર નીકળી શકાશે.
- જાહેર આરોગ્યની સલાહનું પાલન કરો. તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ પરવાનગી આપે તો વિદ્યાર્થી/બાળક સ્કૂલ/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા ફરી શકે છે.
- જો તેમનામાં લક્ષણો વિકસિત થાય છે, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- જો તમે પ્રાંતના ચોક્કસ વિસ્તારોમાં રહેતા હો, જેમ કે, ટોરોન્ટો (Toronto) અથવા પીલ (Peel), તો ભાઈ-બહેનો તથા બીજા લોકો જે તમારા પરિવારમાં છે, તેમણે ઘરમાં જ રહેવું પડશે. આ સ્થાનિક જોખમ પરિબળોને કારણે છે.

- જો તમે ઑન્ટેરિયોના બીજા વિસ્તારોમાં રહેતા હો, તો ભાઈ-બહેનો અને તમારા પરિવારના બીજા લોકો સ્કૂલ, બાળ સંભાળ કેન્દ્ર અથવા કામ પર જઈ શકે છે, પરંતુ બીજા કોઈ બિન-જરૂરી કારણોસર ઘરની બહાર જઈ શકશે નહીં. વધુ માહિતી માટે તમારી સ્કૂલ/બાળકની સંભાળને પૂછો.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી સ્કૂલ/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે સવાલ 4 માટે "હા" જવાબ આપ્યો હોય તો, સ્કૂલ અથવા બાળ સંભાળ કેન્દ્રમાં જશો નહીં.**

- વિદ્યાર્થી/બાળકે સેલ્ફ-આઇસોલેટ (ઘરમાં જ રહેવું) કરવું ફરજિયાત છે અને ફકત તબીબી કટોકટી માટે જ બહાર નીકળી શકાશે.
- તેમને કોવિડ-19 પરીક્ષણ કરાવવા માટે મૂલ્યાંકન કેન્દ્રની મુલાકાત લો.
  - જો તપાસમાં તેઓ નેગેટિવ નીકળે છે (તેમને વાયરસ ન હોય), તો તેઓ સ્કૂલ/બાળ સંભાળ કેન્દ્રમાં પાછા ફરી શકે છે.
  - જો તપાસમાં તેઓ પોઝિટિવ નીકળે છે (તેમને વાયરસ છે), તો જ્યારે તમારું સ્થાનિક જાહેર આરોગ્ય એકમ પરવાનગી આપે ત્યારે જ તેઓ પાછા જઈ શકે છે.
- જો તે લોકોમાં લક્ષણો વિકસિત થાય છે, તો વધુ સલાહ માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ અથવા ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.
- જ્યાં સુધી વ્યક્તિનો કોવિડ એલર્ટ ટેસ્ટ નેગેટિવ આવે નહીં, અથવા તેને તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમની પરવાનગી મળે નહીં ત્યાં સુધી, બિન-જરૂરી કારણોસર ભાઈ-બહેનો અથવા તમારા પરિવારના બીજા લોકો ઘરની બહાર જઈ શકશે નહીં, તેઓ સ્કૂલ, બાળ સંભાળ કેન્દ્ર અથવા કામ પર જઈ શકે છે.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી સ્કૂલ/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**સવાલ 5 અથવા સવાલ 6ની નીચે જે પણ લક્ષણોનો સમાવેશ થયો હોય અને તેમાંથી કોઈ પણ લક્ષણનો તમે "હા"માં જવાબ આપ્યો હોય, તો શાળા અથવા બાળ સંભાળ કેન્દ્રમાં જશો નહીં.**

- વિદ્યાર્થી/બાળકે આઈસોલેટ થવું (ઘરમાં જ રહેવું) ફરજિયાત છે અને ફકત ટેસ્ટ માટે કે તબીબી કટોકટી માટે જ બહાર જઈ શકાશે.
- જો તમે **સવાલ 5 માટે "હા"**નો જવાબ આપ્યો હોય, તો સલાહ અથવા મૂલ્યાંકન મેળવવા માટે ડૉક્ટર/આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે વાત કરો, જેમાં વિદ્યાર્થી/બાળકને કોવિડ-19 પરીક્ષણની જરૂર છે કે નહીં તે પણ સામેલ છે.
- જો તમે **સવાલ 6 માટે "હા"**નો જવાબ આપ્યો હોય, તો કોવિડ-19 નેગેટિવ ટેસ્ટ પરિણામ મેળવ્યા પછી વિદ્યાર્થી/બાળક સ્કૂલ અથવા બાળ સંભાળ કેન્દ્રમાં પાછા ફરી શકે છે, અથવા તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમની પરવાનગી મેળવી અથવા બીજી કોઈ માંદગીનું નિદાન થઈ જાય તો પણ પાછા જઈ શકે છે.
- જ્યાં સુધી વિદ્યાર્થી/બાળક નેગેટિવ લક્ષણો અથવા નેગેટિવ ટેસ્ટ પરિણામો બતાવે નહીં ત્યાં સુધી ભાઈ-બહેનો અથવા પરિવારના બીજા લોકો ઘરમાં જ રહેશે, જો તેમને જાહેર આરોગ્ય એકમ તરફથી પરવાનગી મળી હોય અથવા તેમનું નિદાન બીજી કોઈ માંદગી માટે થયું હોય તો તેઓ બહાર નીકળી શકશે.
- આ પરિણામ વિશે તેમને જણાવવા માટે તમારી સ્કૂલ/બાળ સંભાળ પ્રદાતાનો સંપર્ક કરો.

**જો તમે બધા સવાલો માટે "ના" જવાબ આપ્યો હોય, તો તમારું બાળક સ્કૂલ/બાળ સંભાળ કેન્દ્રમાં જઈ શકે છે, કારણ કે તે સ્વસ્થ હોઈ શકે છે અને કોવિડ-19 માટે એક્સપોઝર (સંપર્ક)માં આવ્યું નથી. તમારી સ્કૂલ/બાળ સંભાળ પ્રદાતાની સ્થાપિત પ્રક્રિયાને અનુસરો, જેથી સ્ટાફ આ પરિણામને જાણી શકે (જો લાગુ હોય).**

જો છેલ્લા 48 કલાકોમાં વિદ્યાર્થી/બાળકને કોવિડ-19 રસીકરણ મળ્યું હોય અને તેને હળવું શિરદર્દ, થાક, સ્નાયુઓમાં દુઃખાવો અને/અથવા સાંધામાં પીડા હોય જે રસીકરણ પછી જ શરૂ થયા હોય, અને બીજા કોઈ લક્ષણો ન હોય, તો તેમણે સ્કૂલ/બાળ સંભાળ કેન્દ્રના પૂરા સમય દરમ્યાન યોગ્ય રીતે બંધબેસતું (ફિટ કરેલું) માસ્ક પહેરવું પડશે. ખાવાનું ખાતા પ્રવાહી પીતાં સમયે જ માસ્ક કાઢી નાખવામાં આવશે અને જ્યારે માસ્ક નીકળી જાય ત્યારે ઓછામાં ઓછું બે મીટર દૂર તેમણે બીજાઓથી રહેવું પડશે. જો લક્ષણો વધારે ખરાબ થઈ જાય, અને 48 કલાકોથી વધુ ચાલુ રહે, અથવા તેમને બીજા લક્ષણો વિકસિત થઈ જાય, તો તેમણે સ્કૂલ/બાળ સંભાળ તરત જ છોડી સેલ્ફ-આઈસોલેટ કરી કોવિડ-19 ટેસ્ટ કરાવવું પડશે.

## જાહેર આરોગ્ય ઑન્ટેરિયો – સંપર્ક ટ્રેસિંગ

**આ પ્રશ્નોનો જવાબ આપવો વૈકલ્પિક છે.** આ માહિતીનો ઉપયોગ ફક્ત જાહેર આરોગ્ય અધિકારીઓ દ્વારા સંપર્ક ટ્રેસિંગ માટે કરવામાં આવશે. તમામ માહિતી 28 દિવસમાં કાઢી નાખવામાં આવશે.

**તારીખ:** ____________________

**નામ:** ____________________

**ફોન અથવા ઇમેઇલ:** ____________________